# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 15-08-2025** **MORNING: 7.45 TO 7.55**
**Day: FRIDAY** **National News**

આકાશવાણી સમાચાર **સિમ્પલ ઠક્કર** વાંચે છે.

*******************************************************

1) દેશ આજે 79મો સ્વતંત્રતા દિવસ ઉજવી રહ્યો છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી લાલ કિલ્લાના પ્રાચીર પરથી રાષ્ટ્રધ્વજ ફરકાવ્યો અને રાષ્ટ્રને સંબોધન કર્યું.
2) પ્રધાનમંત્રીએ એક લાખ કરોડ રૂપિયાના મુલ્યની પ્રધાનમંત્રી વિકસિત ભારત રોજગાર યોજના જાહેર કરી
3) જમ્મુ અને કાશ્મીરમાં, કિશ્તવાડ જિલ્લામાં વાદળ ફાટવાથી બે CISF ના જવાન સહિત 45 લોકોના મોત - 120થી વધુને બચાવાયા
4) યુક્રેન અને રશિયા વચ્ચેના યુદ્ધને રોકવા આજે અમેરિકી અને રશિયાના રાષ્ટ્રપતિ વચ્ચે એક મહત્વપૂર્ણ બેઠક યોજાશે.
5) એથ્લેટિક્સમાં, ભારતની અંકિતા ધ્યાનીએ ઇઝરાયલમાં ગ્રાન્ડ સ્લેમ મીટમાં મહિલાઓની બે હજાર મીટર સ્ટીપલ ચેઝ રેસ જીતી.

.........................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ એક વાગીને 20 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# PM ADRESS – RED FORT

રાષ્ટ્ર આજે તેનો 79મો સ્વતંત્રતા દિવસ ઉજવી રહ્યું છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ દિલ્હીના પ્રતિષ્ઠિત લાલ કિલ્લા પરથી સ્વતંત્રતા દિવસની ઉજવણીનું નેતૃત્વ કર્યું અને રાષ્ટ્રધ્વજ ફરકાવ્યો.

લાલ કિલ્લાની પ્રાચીર પરથી દેશને સંબોધન કરતાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ભારતીય બંધારણના ઘડવૈયાઓને યાદ કર્યા. તેમણે કહ્યું કે છેલ્લા 75 વર્ષથી, ભારતનું બંધારણ લોકોને તેમના માર્ગ પર માર્ગદર્શન આપતું દીવાદાંડી રહ્યું છે.

(બાઇટ- શ્રી મોદી - સંવિધાન )

શ્રી મોદીએ ઓપરેશન સિંદૂરના બહાદુર સૈનિકોને શ્રદ્ધાંજલિ આપતાં કહ્યું કે ભારતીય સેના દુશ્મનના કોઈપણ દુ:સાહસનો યોગ્ય જવાબ આપશે. તેમણે કહ્યું કે  ભારત પરમાણુ ધમકીઓ સહન નહીં કરે...

(BYTE – PM ON OPREATION SINDOOR)

પ્રધાનમંત્રી મોદીએ કહ્યું કે આ સ્વતંત્રતા દિવસ એ 140 કરોડ ભારતીયોના સંકલ્પ આશા અને આકાંક્ષાઓનો ઉત્સવ છે. શ્રી મોદીએ કહ્યું કે રાષ્ટ્ર સતત એકતાની ભાવનાને મજબૂત બનાવી રહ્યું છે.

પ્રધાનમંત્રીએ કહ્યું કે આજે આપણે સેમિકન્ડક્ટરના કામને મિશન મોડમાં આગળ ધપાવ્યું છે.

(BYTE – PM SEMI COUNDCTOR)

પ્રધાનમંત્રીએ કહ્યું કે દેશમાં મિશન ગ્રીન હાઇડ્રોજનમાં હજારો કરોડ રૂપિયાનું રોકાણ કરવામાં આવી રહ્યું છે.

...2..



પરમાણુ ઉર્જા વધારવા દસ નવા રિએક્ટર કામ કરી રહ્યા છે. તેમણે કહ્યું કે 2047 સુધીમાં પરમાણુ ઉર્જામાં દસ ગણો વધારો કરવામાં આવશે.

પ્રધાનમંત્રીએ કહ્યું કે તેલ અને ગેસ ભંડાર શોધવા મિશન મોડ પર કામ ચાલી રહ્યું છે આ માટે નેશનલ ડીપ વોટર એક્સપ્લોરેસન મિશનની જાહેરાત કરી.

પ્રધાનમંત્રીએ કહ્યું કે છેલ્લા કેટલાક દિવસોમાં, દેશે કુદરતી આફતો, ભૂસ્ખલન, વાદળ ફાટવા અને અન્ય ઘણી આફતોનો સામનો કરવો પડ્યો છે. તેમણે કહ્યું કે રાજ્ય અને કેન્દ્ર સરકારો બચાવ કામગીરી, રાહત પ્રયાસો અને પુનર્વસન કાર્ય પર સંપૂર્ણ તાકાતથી કામ કરી રહી છે.

પ્રધાનમંત્રી મોદીએ કહ્યું કે સરકાર હવે ભારતને આત્મનિર્ભર અને વિકસિત રાષ્ટ્ર બનાવવા માટે કામ કરી રહી છે. તેમણે કહ્યું કે વિકસિત ભારતનો આધાર આત્મનિર્ભર ભારત છે અને આજે ભારત દરેક ક્ષેત્રમાં આધુનિક ઇકોસિસ્ટમનું નિર્માણ કરી રહ્યું છે.

પ્રધાનમંત્રીએ જાહેરાત કરી કે આગામી પેઢી માટે GST માં સુધારા કરાઇ રહ્યા છીએ. આનાથી ઉદ્યોગસાહસિકો, સૂક્ષ્મ, નાના અને મધ્યમ ઉદ્યોગોને શક્તિ મળશે. રોજિંદા વસ્તુઓ સસ્તી થશે અને અર્થતંત્રને વેગ મળશે.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે દેશના યુવાનો માટે પ્રધાનમંત્રી વિકસિત ભારત રોજગાર યોજના (PMVY) શરૂ કરવાની જાહેરાત કરી, જેની કિંમત લગભગ એક લાખ કરોડ રૂપિયા છે. તેમણે કહ્યું કે આ યોજના હેઠળ, ખાનગી ક્ષેત્રમાં પહેલી નોકરી મેળવનારા યુવાનોને સરકાર દ્વારા 15 હજાર રૂપિયા આપવામાં આવશે. તેમણે કહ્યું કે આ યોજના હેઠળ, 3 કરોડ 50 લાખ યુવાનો માટે રોજગારની નવી તકો ઉભી કરવામાં આવશે.

શ્રી મોદીએ રાષ્ટ્રધ્વજ ફરકાવ્યો ત્યારે, ભારતીય વાયુસેનાના હેલિકોપ્ટર દ્વારા સ્થળ પર પુષ્પવર્ષા કરવામાં આવી. લાલ કિલ્લા પર પહોંચતા પહેલા, શ્રી મોદીએ રાજઘાટની મુલાકાત લીધી અને રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીને શ્રદ્ધાંજલિ આપી.

. . . . . . . . . . . . . . . .

# GALLANTRY AND SERVICE MEDALS

સ્વતંત્રતા દિવસની પૂર્વસંધ્યાએ રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ રેલ્વે સુરક્ષા દળ અને રેલ્વે સુરક્ષા વિશેષ દળના અધિકારીઓ અને કર્મચારીઓને વિશિષ્ટ સેવા માટે બે રાષ્ટ્રપતિ ચંદ્રકો અને પંદર પ્રશંસનીય સેવા ચંદ્રકો અર્પણ કર્યા.

સ્વતંત્રતા દિવસ નિમિત્તે પોલીસ, ફાયર બ્રિગેડ, હોમગાર્ડ્સ અને નાગરિક સંરક્ષણ અને સુધારાત્મક સેવાઓના કુલ ૧૦૯૦ કર્મચારીઓને શૌર્ય અને સેવા ચંદ્રકો એનાયત કરવામાં આવ્યા. ગૃહ મંત્રાલયના જણાવ્યા અનુસાર, ૨૩૩ કર્મચારીઓને શૌર્ય ચંદ્રકો, ૯૯ કર્મચારીઓને વિશિષ્ટ સેવા માટે રાષ્ટ્રપતિ ચંદ્રક અને ૭૫૮ કર્મચારીઓને પ્રશંસનીય સેવા ચંદ્રક એનાયત કરવામાં આવ્યા છે.

. . . . . . . . . . . . . . . .

## MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . . .

# JAMMU AND KASHMIR

**જમ્મુ અને કાશ્મીરમાં, કિશ્તવાડ જિલ્લામાં વાદળ ફાટવાની ઘટનામાં બે સીઆઇએસએફના જવાન સહિત 45 લોકોના મોત થયા છે. અત્યાર સુધીમાં 120 થી વધુ લોકોને બચાવી લેવામાં આવ્યા છે. જેમાંથી 38 લોકોની હાલત ગંભીર હોવાનું કહેવાય છે. ઘણા લોકો હજુ પણ ગુમ હોવાનું જાણવા મળે છે. કાટમાળ અને કાદવ નીચે વધુ લોકો ફસાયેલા હોવાની આશંકા હોવાથી મૃત્યુઆંક વધી શકે છે.**

**જ્યારે SDRF, પોલીસ, સેના અને સ્થાનિક સ્વયંસેવકો દ્વારા બચાવ કામગીરી શરૂ કરવામાં આવી છે, બે નવી NDRF ટીમો સહિત વધુ બચાવ ટીમો તૈનાત કરાઇ છે. અચાનક પૂરમાં એક ડઝનથી વધુ વાહનો, અનેક**

વીજળીના થાંભલા, કામચલાઉ દુકાનો અને સુરક્ષા ચોકી સહિત અનેક બાંધકામો ધોવાઈ ગયા છે.

રાષ્ટ્રપતિ, પ્રધાનમંત્રી, કેન્દ્રીયગૃહ મંત્રી, લેફ્ટનન્ટ ગવર્નર મનોજ સિંહા, મુખ્યમંત્રીઓમર અબ્દુલ્લા અને ભૂતપૂર્વ મુખ્યમંત્રી ગુલામ નબી આઝાદે આ ઘટના અંગે  શોક વ્યક્ત કર્યો છે.

. . . . . . . . . . . . . . . .

# TRUMP - PUTIN MEET

અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ આજે અલાસ્કાના એન્કોરેજ સ્થિત અમેરિકી જોઈન્ટ મિલિટરી બેઝ ખાતે તેમના રશિયન સમકક્ષ વ્લાદિમીર પુતિનને મળશે.

આ વર્ષે જાન્યુઆરીમાં ટ્રમ્પ વ્હાઇટ હાઉસ પરત ફર્યા પછી આ તેમની પહેલી મુલાકાત હશે. શિખર સંમેલન પહેલા, ટ્રમ્પે કહ્યું કે, તેમનું માનવું છે કે પુતિન યુક્રેનમાં યુદ્ધનો અંત લાવવા માટે તૈયાર છે, પરંતુ શાંતિ માટે યુક્રેનના રાષ્ટ્રપ્રમુખ વોલોડીમીર ઝેલેન્સકી સાથે પણ બીજી બેઠક કરશે.

. . . . . . . . . . . . . . . .

# ATHLETICS

એથ્લેટિક્સમાં, ભારતની અંકિતા ધ્યાનીએ ઇઝરાયલમાં ગ્રાન્ડ સ્લેમ જેરુસલેમ 2025 મીટમાં મહિલાઓની બે હજાર મીટર સ્ટીપલ ચેઝ રેસ જીતી છે.

આ જીત સાથે, તેણીએ ઇવેન્ટમાં રાષ્ટ્રીય રેકોર્ડ તોડ્યો. અંકિતાએ છ મિનિટ અને 13.92 સેકન્ડ સાથે ટોચનું સ્થાન મેળવ્યું, ત્યારબાદ ઇઝરાયલની અદવા કોહેન બીજા સ્થાને અને ડેનમાર્કની જુલિયન હ્વિડ ત્રીજા સ્થાને રહી.

અંકિતાએ બે હજાર મીટર મહિલા સ્ટીપલ ચેઝમાં અગાઉનો છ મિનિટ 14.38 સેકન્ડનો રાષ્ટ્રીય રેકોર્ડ તોડ્યો, જે એશિયન ગેમ્સની સુવર્ણ ચંદ્રક વિજેતા પારુલ ચૌધરીનો હતો.

આગામી વર્લ્ડ એથ્લેટિક્સ ચેમ્પિયનશિપ 13 થી 21 સપ્ટેમ્બર દરમિયાન જાપાનમાં યોજાશે.

. . . . . . . . . . . . . . . .

# આજના અખબરોના મુખ્ય સમાચાર રજૂ કરે છે નિકીતા શાહ

આજે અખબારોમાં વિવિધ સમાચારોને મુખ્ય મથાળામાં સ્થાન અપાયું છે

સંદેશે કિશ્તવાડમાં આભ ફાટ્યુ, 50થી વધુ લોકોના મોતને મુખ્ય શીર્ષક બનાવ્યું છે

દિવ્યભાસ્કરનું મુખ્ય શીર્ષક છે - ઓવર સ્પીડ પર બ્રેક લાગશે તો વર્ષે 60 ટકા માર્ગ અકસ્માત ઘટી શકે છે

સુપ્રીમ કોટે ચૂંટણી પંચનો ઉધડો લીધો - રદ કરેલા 65 લાખ મતદારોનો હિસાબ આપો...આ શીર્ષક છે ગુજરાત સમાચારનું

નવગુજરાત સમયે- વાદળ ફાટ્યું CISF ના બે જવાન સહિત 50 થી વધુ ના મોતને મુખ્ય શીર્ષકમાં સ્થાન આપ્યું છે

સ્થાનિક સમાચારોમાં દુકાનનું ડિમોલિશન અટકાવવા મહિલાએ કેરોસીન છાંટી પોતાને સળગાવી .......એએમસીમાં ભરતી કૌભાંડનો પર્દાફાશ ....ગુજરાતમાં 191 પુલ ફાળવાયા - 33 બન્યા - છ વર્ષે હજુ 158 બાકી - જેવા વિવિધ સમાચારોને સ્થાન અપાયું છે.